# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*************************************************

1. ભારત અને અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કાના માળખા અંગે આજે બેઠક કરશે.
2. સુપ્રીમ કોર્ટના પાંચ નવનિયુક્ત ન્યાયાધીશો આજે શપથ લેશે.
3. ઉત્તરપ્રદેશ સરકારે હમીરપુરમાં બેતવા નદી પર નિર્માણાધીન પુલના ધસી પડવાની તપાસ માટે બે ઉચ્ચ-સ્તરીય તપાસ સમિતિઓની રચના કરી
4. ઇઝરાઈલ અને હિઝબુલ્લાહ યુદ્ધ વિરામ માટે સંમત - અમેરિકાએ મધ્યસ્થી કરી
5. ઉત્તરાખંડનું વેલી ઓફ ફ્લાવર્સ, પ્રવાસીઓ માટે ખુલ્લું મુકાયું.
6. ભારત અંડર-18 એશિયા કપમાં આજે અંતિમ પૂલ મેચમાં ચાઇનીઝ તાઇપેઈ સામે ટકરાશે

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# INDO-US TRADE TALKS

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે કે ભારત અને અમેરિકાએ દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કાના મોટાભાગના ઘટકોને અંતિમ સ્વરૂપ આપી દીધું છે.

તેમણે કહ્યું કે અમેરિકન ટીમ દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) ના પ્રથમ તબક્કાને અંતિમ સ્વરૂપ આપવા માટે વાટાઘાટો કરવા માટે નવી દિલ્હીમાં છે.

આ વાટાઘાટો આજથી 4 જૂન દરમિયાન નવી દિલ્હીમાં યોજાશે. ભારતના વાણિજ્ય વિભાગમાં અધિક સચિવ દર્પણ જૈન છે, જ્યારે અમેરિકન ટીમનું નેતૃત્વ બ્રેન્ડન લિંચ કરી રહ્યા છે.

3 ફેબ્રુઆરીના રોજ, બંને પક્ષોએ BTA ના પ્રથમ તબક્કા માટે માળખાની જાહેરાત કરી.

ભારત અને અમેરિકાએ 7 ફેબ્રુઆરીના રોજ એક સંયુક્ત નિવેદન બહાર પાડીને BTA ના પ્રથમ તબક્કાના માળખાને અંતિમ સ્વરૂપ આપ્યું, જેને વચગાળાનો વેપાર કરાર પણ કહેવામાં આવે છે. બંને પક્ષોએ હવે સોદા માટે દસ્તાવેજને અંતિમ સ્વરૂપ આપવું પડશે. આ માળખાએ વ્યાપક ભારત-અમેરિકા બીટીએ વાટાઘાટો પ્રત્યે દેશોની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપી. 2025-26માં અમેરિકા ભારતનો બીજો સૌથી મોટો વેપારી ભાગીદાર હતો.

# JUDGES OATH

સુપ્રીમ કોર્ટના પાંચ નવનિયુક્ત ન્યાયાધીશો આજે શપથ લેશે. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત ન્યાયાધીશોને શપથ લેવડાવશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતના મુખ્ય ન્યાયાધીશ સાથે પરામર્શ કર્યા પછી, સુપ્રીમ કોર્ટમાં પાંચ નવા ન્યાયાધીશોની નિમણૂક કરી છે.

સાંભળીએ એક અહેવાલ-

## (વોઇસ કાસ્ટ - PRACH )

# INDIA-MAYANMAAR DEAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મ્યાનમારના રાષ્ટ્રપતિ યુ મીન આંગ હ્લેઇંગે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય મુદ્દાઓના પર વિગતવાર વાતચીત કરી.

આ ચર્ચામાં વેપાર, સંરક્ષણ, સરહદ વ્યવસ્થાપન, સંસ્કૃતિ સહિત અન્ય ક્ષેત્રોનો સમાવેશ થતો હતો.

ગઈકાલે વાતચીત બાદ મીડિયાને માહિતી આપતા વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું બંને પક્ષોએ તેમના સુરક્ષા હિતોને પ્રતિકૂળ પ્રવૃત્તિઓ માટે પ્રદેશના દુરુપયોગને રોકવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

**(બાઇટ-વિક્રમ મિશ્રિ)**

# UP BRIGE COLLAPS

ઉત્તર પ્રદેશ સરકારે હમીરપુર જિલ્લામાં બેતવા નદી પર નિર્માણાધીન પુલના ધસી પડવાની તપાસ માટે બે અલગ-અલગ ઉચ્ચ-સ્તરીય તપાસ સમિતિઓની રચના કરી છે.

જિલ્લા વહીવટીતંત્ર અને ઉત્તર પ્રદેશ બ્રિજ કોર્પોરેશન હેઠળની સમિતિઓએ છ લોકોના મોતની ઘટનાની વ્યાપક તપાસ શરૂ કરી છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ હમીરપુર અભિષેક ગોયલે જણાવ્યું હતું કે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રચાયેલી ત્રણ સભ્યોની તપાસ સમિતિ, જેનું નેતૃત્વ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ કરે છે, તે ઘટના સાથે સંબંધિત તમામ વહીવટી, તકનીકી અને પ્રક્રિયાગત પાસાઓની વિગતવાર તપાસ કરી રહી છે.

# ED-PUNJAB

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ પંજાબના રામનગર ખાતે સ્થિત જ્ઞાન સાગર એજ્યુકેશનલ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટની 14 સ્થાવર મિલકતો પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ કામચલાઉ રીતે જપ્ત કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# JK- SHERUWALI

જમ્મુ અને કાશ્મીરમાં, રાજૌરી જિલ્લામાં આતંકવાદીઓને શોધવા માટે સુરક્ષા દળો દ્વારા 'શેરુવાલી' નામની વિશાળ સંયુક્ત શોધ કામગીરીના ગઈકાલે 10મા દિવસે પણ ચાલુ રહી.

સંવેદનશીલ સરહદી પટ્ટામાં દેખરેખ અને આતંકવાદ વિરોધી પગલાં ચાલુ રાખીને, સેના દ્વારા અન્ય સુરક્ષા એજન્સીઓ સાથે સંકલનમાં આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

ચાલુ કામગીરી વચ્ચે, એક વરિષ્ઠ સેના કમાન્ડરે ગઈકાલે નિયંત્રણ રેખા (LoC) વિસ્તારોની મુલાકાત લીધી હતી જેથી પ્રવર્તમાન સુરક્ષા પરિસ્થિતિ અને ઓપરેશનલ તૈયારીઓની સમીક્ષા કરી શકાય.. કોર્પ્સ કમાન્ડરે આગળના આર્મી રાષ્ટ્રની સરહદોનું રક્ષણ કરવા માટે ભારતીય સેનાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરતાં, તેમણે LoC પર અસરકારક પ્રભુત્વ સુનિશ્ચિત કરવા માટે સતત તકેદારી અને ઓપરેશનલ શ્રેષ્ઠતાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

# TRUMP ISRAEL HEZBOLLAH

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઇઝરાયલી પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ સાથે વાતચીત કર્યા પછી અને મધ્યસ્થી દ્વારા લેબનોન-આતંકવાદી જૂથ સાથે વાતચીત કર્યા પછી ઇઝરાયલ અને હિઝબુલ્લાહ યુદ્ધ બંધ કરવા સંમત થયા છે.

ટ્રમ્પે નેતન્યાહૂ સાથેની વાતચીત પછી સોશિયલ મીડિયા પોસ્ટમાં આની જાહેરાત કરી હતી. નેતન્યાહૂ સાથેની વાતચીત પછી, ટ્રમ્પે કહ્યું કે, બેરુતમાં કોઈ સૈન્ય જશે નહીં, અને જે પણ સૈનિકો તેમના માર્ગે છે તેમને પહેલાથી જ પાછા મોકલી દેવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે હિઝબુલ્લાહ સંમત થયા છે કે તમામ ગોળીબાર બંધ થશે - કે ઇઝરાયલ તેમના પર હુમલો કરશે નહીં, અને તેઓ ઇઝરાયલ પર હુમલો કરશે નહીં.

તેમની ટિપ્પણીઓ ઇઝરાયલ સરકારે બેરુતના દક્ષિણ ઉપનગરો પર હુમલાનો આદેશ આપ્યાના કલાકો પછી સામે આવી, એક દિવસ પહેલા તેની ભૂમિ સેના 26 વર્ષમાં લેબનોનમાં સૌથી ઊંડા બિંદુએ પહોંચી ગઈ હતી અને હિઝબુલ્લાહ ઉત્તરી ઇઝરાયલ પર રોકેટ છોડતી હતી, જેમાં દરિયાકાંઠાના શહેર હાઇફાની બહારનો વિસ્તાર પણ સામેલ છે.

નેતન્યાહૂ અને ઇઝરાયલી સંરક્ષણ પ્રધાન ઇઝરાયલ કાત્ઝે સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે બેરુતના દક્ષિણ ઉપનગરોમાં હુમલો કરવાના આદેશો હિઝબુલ્લાહ દ્વારા વારંવાર યુદ્ધવિરામના ઉલ્લંઘન અને ઇઝરાયલના શહેરો અને નાગરિકો પર હુમલાઓને લઈને આપવામાં આવ્યા હતા.

# IRAN US CEASEFIRE

ઇરાને કહ્યું કે ,લેબનોનમાં હિઝબુલ્લાહ સામે ઇઝરાયલી હુમલાઓ તેહરાનના અમેરિકા સાથેના યુદ્ધવિરામને જોખમમાં મૂકી શકે છે.

વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે અમેરિકા સાથેનો કરાર સ્પષ્ટપણે લેબનોન સહિત તમામ મોરચે યુદ્ધવિરામ હતો અને એક મોરચે તેનું ઉલ્લંઘન એ તમામ મોરચે યુદ્ધવિરામનું ઉલ્લંઘન છે.

અગાઉ બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું હતું કે ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ દ્વારા રોકેટ અને ડ્રોન હુમલાના જવાબમાં બેરુતના દહીહમાં આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કરવામાં આવશે.

ત્યારબાદની સોશિયલ મીડિયા પોસ્ટ્સમાં, ડોનાલ્ડ ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈરાન સાથે વાતચીત ઝડપી ગતિએ ચાલુ છે અને કહ્યું હતું કે તેમણે નેતન્યાહૂ અને હિઝબુલ્લાહના પ્રતિનિધિઓ બંને સાથે વાત કરી છે.

હેડલાઇન – ઇરાને સ્પષ્ટ કર્યું કે હિઝબુલ્લાહ સામે ઇઝરાયલી હુમલાઓ ઈરાન અમેરિકા યુદ્ધ વિરામ માટે અસમંજસની સ્થિતિ પેદા કરે છે

# YOUTH AFFAIRS-ROWERS TOPS

યુવા બાબતો અને રમતગમત મંત્રાલયે 2026 એશિયન ગેમ્સ પહેલા ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (TOPS) ડેવલપમેન્ટ ગૃપમાં 22 રોઅર્સનો સમાવેશ કર્યો છે

કુલ 22 રોઅર્સ હવે છ બોટમાં TOPS ડેવલપમેન્ટ ગૃપનો ભાગ છે. આ રોઅર્સનો અનેક બોટ કેટેગરીમાં ભારતીય રોવર્સની સ્થિતિને  મજબૂત બનાવવાનો આ બીજો પ્રયાસ છે.

આ રોવર્સ હવે એશિયન ગેમ્સ અને વર્લ્ડ કપ સર્કિટ સહિત રોઇંગ ધરાવતી મુખ્ય આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે તૈયારી કરશે.

જેમાં પેરિસ 2024 ઓલિમ્પિયન બલરાજ પનવાર, એશિયન ગેમ્સ 2022 સિલ્વર મેડલ વિજેતા અરવિંદ સિંહ અને એશિયન ગેમ્સ 2022 ડબલ મેડલ વિજેતા જસવિંદર સિંહનો સમાવેશ થાય છે.

ખેલાડીઓને એશિયન ગેમ્સ 2026 અને આગામી યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ 2030ની સ્પર્ધા માટેની આ તૈયારીઓ છે.

# UTTARAKHAND - VALLEY OF FLOWERS

ઉત્તરાખંડમાં, ચમોલી જિલ્લામાં સ્થિત યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ, વેલી ઓફ ફ્લાવર્સ, પ્રવાસીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

વન વિભાગે મુલાકાતીઓને ખીણની સમૃદ્ધ જૈવવિવિધતા અને દુર્લભ વનસ્પતિ પ્રજાતિઓના સંરક્ષણમાં સહયોગ કરવા અપીલ કરી છે. વિભાગના જણાવ્યા અનુસાર, વેલી ઓફ ફ્લાવર્સ હાલમાં 300 થી વધુ પ્રજાતિઓના ફૂલો અને અનેક દુર્લભ વનસ્પતિઓનું ઘર છે. ફોરેસ્ટ રેન્જ ઓફિસર ચેતના કંડપાલે જણાવ્યું હતું કે ખીણ 31 ઓક્ટોબર સુધી મુલાકાતીઓ માટે ખુલ્લી રહેશે.

**(બાઈટ – ચેતના)**

# HOCKEY-U18-ASIA-IND

હોકીમાં, ભારતે ગઈકાલે જાપાનના કાકામિગહારામાં મેન્સ અંડર-૧૮ એશિયા કપના ત્રીજા પૂલ A મેચમાં કોરિયા પર 4-1થી શાનદાર વિજય મેળવ્યો.

કેપ્ટન કેતન કુશવાહાએ ત્રીજી અને 36મી મિનિટમાં બે ગોલ કરીને ટીમનું નેતૃત્વ કર્યું. પાંચમી મિનિટમાં વરિન્દર સિંહે બીજો ગોલ કર્યો, જ્યારે શાહરુખ અલીએ 54મી મિનિટમાં શક્તિશાળી સ્ટ્રાઇક કરીને કોરિયાનો એકમાત્ર ગોલ 21મી મિનિટમાં કેપ્ટન યુન જેહ્યોકે કર્યો.

ભારતે મજબૂત શરૂઆત કરી, શરૂઆતની પાંચ મિનિટમાં જ બે ગોલની લીડ મેળવી. પેનલ્ટી કોર્નર પછી કુશવાહાએ રિબાઉન્ડથી ગોલ કરીને શરૂઆત કરી હતી

આ જીત સાથે, ભારતે પૂલ A માં કોરિયા અને જાપાન સાથે છ પોઈન્ટની બરાબરી કરી લીધી છે. દરેક પૂલમાંથી ટોચની બે ટીમો સેમિફાઇનલમાં પહોંચશે. ભારત આજે અંતિમ પૂલ મેચમાં ચાઇનીઝ તાઇપેઈ સામે ટકરાશે.

- **આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિતલ પટેલ**

- આજે મોટાભાગના અખબારોએ અલગ અલગ સમચારોની હેડ લાઇન્સ બનાવી છે.

- ગુજરાત સમાચાર લખે છે . ઇરાને અમેરિકા સાથેની વાર્તા અટકાવી હોર્મુજ ફરી બંધ

- દિવ્ય ભાસ્કર લખે છે – જી એડવાન્સ્ડ .. 9 વર્ષમાં સૌથી વધારે 32 ટકા વિધ્યાર્થી સફળ ,IIT ની દરેક સીટ માટે 3 ઉમેદવાર

- નવગુજરાત સમય સમાચાર લખે છે –કોમર્શિયલ એલપીજી સિલઇન્ડેરનો ભાવ રૂ 42 વધી 3,113 ની વિક્રમી ટોચે .. આ ઉપરાંત સ્થાનિક સમાચારોમાં રાજ્યના વાતાવરણમાં પલટાના અને ઉર્જા વિભાગના અધિકારના ઘરે દરોડાના સમાચારો વાંચવા મળી રહ્યા છે.